**મહુવાના મહે. અધિક સેશન્સ જજશ્રીની કોર્ટ,**
**મહુવા,જિ.ભાવનગર.**

**પર. દિવાની અપીલ નં. ૧/૨૦૧૯**
**આંક–**

ઘનશ્યામભાઈ ઉર્ફે ઘનુભા હરિસિંહ સરવૈયા,
ઉ.વ.આ.૭૭, ધર્મે : હિન્દુ, ધંધો–ખેતી,
રહે. દેસાઈ નગર – ૨, સુઝુકી શો રૂમની બાજુમાં,
ભાવનગર. ... ... .....:: **વાદી.**

**વિ રૂ દ ધ.**

(૧) ગુજ. આયર રાજા શામળાના વારસો,
૧/૧ રામભાઈ રાજાભાઈ,
૧/૨ કરણભાઈ રાજાભાઈ,
બંને રહે. મુ. છાપરી, તા. તળાજા,
૧/૩ બાબુભાઈ રાજાભાઈ,
રહે. સત્યનારાયણ જીનીંગ ફેકટરી,
સાખડાસર પાટીયા પાસે,
તળાજા મહુવા રોડ, તળાજા,
(૨) પ્રવિણસિંહ હરિસિંહ સરવૈયા,
રહે. મકાન નં.–૨, ''ખોડલ કૃપા'' પ્રોવિઝન બાજુમાં,
ટાઉન પોલીસ સ્ટેશન બાજુમાં, પાલીતાણા,
(૩) કીરીટસિંહ હરીસિંહ સરવૈયા,
રહે. જુના સાંગાણા, તા. તળાજા,
જી.ભાવનગર,
(૪) મહાવિરસિંહ હરિસિંહ સરવૈયા,
ઉ.વ.આ. પુખ્ત વયના, ધંધો–ખેતી,
રહે. મુ. જુના સાંગાણા, તા. તળાજા,
જી.ભાવનગર. ... ... .....:: **પ્રતિવાદી.**

**બાબત :– સી.પી.સી. ઓર્ડર – ૪૩ રૂલ–૧(આર) હેઠળની અપીલ.**

**વાદી પક્ષ તરફે : વિ.વ.શ્રી એચ.બી.ગોહીલ.**

**<u>પ્રતિવાદી પક્ષ તરફે : વિ.વ.શ્રી કે. આર. મહેતા.</u>**

## <u>:: ચૂકા દો ::</u>

(૧) આ કામે મુળ વાદીનાઓએ હાલની અરજી દાખલ કરી તેઓની રીસ્ટોરેશનની પર. દિ. અરજી નં.– ૧૨/૧૭ માં તળાજાના પ્રિન્સીપાલ સિવિલ જજનાઓએ તા.૦૬–૧૨–૧૮ ના રોજ અરજી રદ કરતો હુકમ કરેલ તે હુકમથી નારાજ થઈ હાલની પર. દિવાની અરજી કરેલ છે.

(૨) આ કામે હાલની અરજદાર અને મુળ વાદીએ તળાજાના પ્રિન્સીપાલ સિવિલ જજની કોર્ટમાં રે. દી. કેસ નં.–૧૫૩/૧૫ દાખલ કરેલો જે ડીસમીસ ફોર ડીફોલ્ટ થતા તે દાવો ફરી ફાઈલે લેવા માટે પર. દિ. અરજી નં.–૧૨ /૧૭ દાખલ કરેલ તે અરજી સબંધે તળાજાના વિ. એડી. સિવિલ જજશ્રીએ તા.૦૬–૧૨–૧૮ ના રોજ યાદી કરી હાલના અપીલકર્તા મુળ વાદીની રીસ્ટોરેશનની અરજી નામંજુર કરતો હુકમ કરેલ તેનાથી નારાજ થઈ હાલની અરજી કરેલ છે તેમા મુખ્યત્વે વિ. એડી. સિવિલ જજશ્રીએ રીસ્ટોરેશનની અરજી મંજુર નહી કરવા માટે જે કારણો આપેલ છે તેમા મુળ દાવામાં કુલ ચાર પ્રતિવાદી પક્ષકારો હતા અને રીસ્ટોરેશનની અરજીમાં મુળ વાદી અને હાલના અપીલકર્તાએ મુળ દાવાના પ્રતિવાદીને પક્ષકાર બનાવ્યા વિના માત્ર ત્રણ પક્ષકારો બનાવી અરજી આપતા જરૂરી પક્ષકારોની ગેરહાજરીમાં રીસ્ટોરેશનની અરજી ચાલવાપાત્ર ના હોવાનું માની અને મહત્વના પક્ષકારોનો બાધ નડતો હોવાનું જણાવી મુળ વાદીની રીસ્ટોરેશનની અરજી નામંજુર કરવાની આંક – ૪/૧ નો આદેશ વંચાણે લેતા જણાય છે અને તે મુજબ હકીકત અપીલકર્તા પોતાની અરજીમાં જણાવેલ છે.

(૩) આ કામે સામાવાળાને નોટીસ કરતા સામાવાળા તરફે વિ. વ.શ્રી કે. આર. મહેતા હાજર થયેલ છે અને તેઓએ કોઈ લેખીતમાં જવાબ રજુ કરેલ નથી.

(૪) એપેલેન્ટ તરફે વિ.વ.શ્રી ગોહીલે તથા સામાવાળા તરફે વ.શ્રી મહેતાની દલીલો કરેલ છે. શ્રી ગોહીલે તેઓની અરજી મુજબ દલીલ કરેલ છે અને વધુમાં રજુઆત કરેલ છે કે તેઓનો દાવો રીસ્ટોર કરી આપવામાં ન આવે તો તેઓને કાયદામાં આપવામાં આવેલ મહત્વના અધિકારો નષ્ટ થાય તેમ છે અને જે તે વખતે તેઓએ રીસ્ટોરેશનની અરજીમાં માત્ર એક પક્ષકારોની ગેરહાજરીમાં દાવાના ગુણદોષ ઉપર કોઈ ફેર પડે તેમ નથી.

(૫) તેની સામે સામાવાળાના વિ. વ.શ્રી મહેતાએ રજુઆત કરેલ છે કે, નીચેની અદાલતે મુખ્યત્વે પક્ષકારોના બાધના કારણસર અપીલકર્તાની રીસ્ટોરેશનની અરજી નામંજુર કરેલ છે તેવા સંજોગોમાં તેઓની અરજી પણ મંજુર થવા પાત્ર ન હોય નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(૬) આ કામે સૌપ્રથમ કેસની હકીકતો જોઈએ તો આ કામના અપીલકર્તા મુળ વાદી તળાજાના પ્રિન્સીપાલ સિવીલ જજની કોર્ટમાં રે. દી. અ. નં.–૧૫૩/૧૫ થી ચાર પ્રતિવાદી વિરૂધ્ધ દાખલ કરેલાનું જણાય છે અને તે દાવો નીચેની અદાલતમાં તારીખના દિવસે કોઈ હાજર ના હોય અને તે અગાઉ આ રે. દી. અ. નં.– ૧૫૩/૧ ૫ ના પ્રતિવાદી નં.–૧ ગુજરી જતા તેઓના વારસો જોડવાની અરજી વાદી દવારા આપતા તે અરજી તા.૧૪–૦૭–૧૭ના રોજ મંજુર કરવામાં આવેલ હતી અને તે સબંધે સુધારેલી દાવા અરજી વાદીએ વકીલ મારફતે કોર્ટમાં રજુ કરવાની હતી પરંતુ તા.૧૯–૦૮–૧૭ ના રોજ મુળ વાદી કે તેઓના વકીલ તારીખના દિવસે હાજર ન હોય અને કોઈ અરજી કે સીકનોટ મોકલેલ ન હોય સદર સુધારેલી દાવા અરજી અદાલતમાં રજુ ના થતા દાવો કોર્ટ દવારા ડીસ્મીસ ફોર ડીફોલ્ટ કરવામાં આવેલ હોવાનું અપીલકર્તા તરફે રજુઆત કરેલ છે અને ત્યારબાદ નીચેની અદાલમાં રીસ્ટોરેશન અરજી નં.– ૧૨/૧૭ દાખલ કરેલ અને જે ઉપર જણાવ્યા મુજબ જરૂરી પક્ષકારોનો બાધ નડતો હોય નીચેની અદાલતે ડીસ્મીશ

ફોર ડીફોલ્ટ કરેલ છે. આ કામે મુળ દાવાને ડીસ્મીસ કરવાનો જે હુકમ કરેલ છે તે હુકમ કાયદેસરનો છે કે કેમ તથા તે દાવો રીસ્ટોર થવા પાત્ર છે કે કેમ તેનો નીર્ણય માટે અત્યારે ગુણદોષ ઉપર ચર્ચા નહી કરતા માત્ર રીસ્ટોરેશનની અરજી નીચેની અદાલતમાં દાખલ કરવામાં આવેલ આદેશ તે અંગે જોઈએ તો મુળ દાવામાં ચાર પ્રતિવાદી હતા. પ્રતિવાદી નં.–૪ ને રીસ્ટોરેશનની અરજીમાં નહી જોડતા નીચેની અદાલતે જરૂરી પક્ષકારોનો બાધ નડતો હોય પક્ષકારોની ખામીના કારણે તે અરજી નામંજુર કરેલ છે. આ કામે કેસના સંજોગો તથા પક્ષકારો વચ્ચેની તકરાર જોતા એક વાત સ્પષ્ટ થાય છે કે મુળ દાવાનો ન્યાયીક નિર્ણય ગુણદોષ ઉપર થયેલ નથી. જેનો નિકાલ ગુણદોષ ઉપર થાય તે ખુબજ જરૂરી અને અગત્યનું જણાય તે સારુ વાદીને તક મળે અને કાયદાએ આપેલ અધિકાર મુજબ પોતાનો કેસ રજુ કરી શકે તે સારુ તક મળે અને અધિકારથી વંચીત ન રહે તે ધ્યાને લેતા હાલના હાથ પરના કેસમાં હાલની અરજી માત્ર પક્ષકારોનો બાધ નડતો હોય તે કારણસર નામંજુર કરેલ છે આ કામે જો હાલની અપીલના કામે નીચેની અદાલતે કરેલ આદેશ રદ કરી અને જો વાદીએ પ્રતિવાદી નં.–૪ ને જોડવાની તક આપવામાં આવે તો નીચેની અદાલતે જે પક્ષકારોની ખામીના એકમાત્ર કારણસર અન્ય કારણ આપ્યા વિના વાદીની અરજી નામંજુર કરેલ છે તે સબંધે અરજદારની રજુઆત કરવાની તક મળે અને કેસના સંજોગો જોતા આ કામે વાદી ઈરાદાપુર્વક પ્રતિવાદી નં.–૪ને ના જોડેલ હોય તેવુ રેકર્ડ જોતા જણાતુ નથી. આ ટેકનીકલ ખામી હોવાનું જણાય છે. આમ આ કામે દિ. પર. અરજી નં.–૧૨/૧૭ ના કામે કરવામાં આવેલ હુકમ રદ કરી તે અરજી ફરીથી પ્રતિવાદી નં.–૪ ને વાદી દવારા પક્ષકાર બનાવ્યા બાદ ગુણદોષ ઉપર નિકાલ કરવા સારુ પરત મોકલવાનો આદેશ કરવામાં આવે તો તે આદેશ યોગ્ય અને વ્યાજબી ગણાય જેથી નીચે મુજબનો હુકમ કરુ છુ.

**-:: હુકમ ::-**

૧. વિ. પ્રિન્સીપાલ સિવીલ જજ, તળાજાનાઓએ પ. દિ. અરજી નં.- ૧૨/૧૭ અન્વયે તા.૦૬-૧૨-૧૮ના રોજ કરેલ આદેશ આથી રદ કરવામાં આવે છે અને સદર અરજી આ આદેશથી પ્રભાવીત થયા વિના ફરીથી ગુણદોષ ઉપર નિકાલ કરવા સારુ તે અદાલતને પરત (રીમાન્ડ) કરવાનો હુકમ કરવામાં આવે છે.

૨. અપીલકર્તા મુળ વાદીએ આર એન્ડ પી નીચેની અદાલતમાં પહોચ્યા બાદ દિન - ૧૦ માં પ્રતિવાદી નં.-૪ ને રીસ્ટોરેશનની અરજીમાં પક્ષકાર તરફે જોડવા અંગેની કાર્યવાહી કરવી.

૩. અપીલકર્તા મુળ વાદીએ પ્રતિવાદી નં.-૪ ને પક્ષકાર તરીકે જોડયેથી રીસ્ટોરેશનની અરજીનો પ્રિન્સીપાલ સિવીલ જજ, તળાજાનાઓએ ગુણદોષ ઉપર નિકાલ કરવો.

૪. આર એન્ડ પી નીચેની અદાલતને મોકલવુ.

આજરોજ તા : ૩૧'મી, માહે : ઓગષ્ટ, સને: ૨૦૧૯ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કરવામાં આવ્યો.

મહુવા.
તા.૩૧-૦૮-૨૦૧૯

**(મહંમદ હનીફ સવાઈખાન સિંધી)**
એડી.સેશન્સ જજ
ભાવનગર એટ મહુવા.
કોડ નં.જીજે-૦૦૪૨૪

HRC